# 'તુમ મુઝે યૂં ભૂલા ના પાઓગે' – એક ઓલરાઉંડર શાયર

એક કવિની માતાને દીકરો શેરો-શાયરીમાં લાઈફ વેડફે એ જરા પસંદ નહોતું પણ શાયર માને? માએ કહ્યું: ''શાયરી કરવી હોય તો ઘરમાંથી નીકળી જા!'' કવિ તો ટ્રેન પકડીને સપનાંઓ પૂરાં કરવા મુંબઈ આવી ગયા ને દિવસો સુધી ભૂખ્યા રહીને ફૂટપાથ પર સૂવું પડતું. એક સવારે જોયું તો એ જ ફૂટપાથમાં પાસે સૂતેલો ગરીબ મજૂર મૃત હાલતમાં પડ્યો હતો. આ જોઈને કવિનું દિલ ભરાઈ આવ્યું ને કવિતા લખી: 'મઝદૂર કી લાશ'. પછી એક મુશાયરામાં નાટક-ફિલ્મના સફળ અભિનેતા પૃથ્વીરાજ કપૂર આવેલા, જે આ કવિતાથી એટલા પ્રભાવિત થયા કે પુત્ર રાજ કપૂરને મળવા કહ્યું. એ કવિ એટલે ૧૯૫૦થી ૧૯૯૦ સુધી સતત ૪૦ વરસ રોમેંટિક, ઈમોશનલ ને મસ્તીભર્યા સુપરહિટ ગીતો લખનાર: હસરત જયપુરી!

એ ખરેખર દુઃખની વાત છે કે શૈલેંદ્ર, મજરૂહ કે સાહિર જેવાં મોટાં નામો વચ્ચે ફિલ્મી સંગીતમાં જેનું નામ બહુ ગાજ્યું નહીં એવા અંડર-રેટેડ પણ બહુમુખી પ્રતિભા ધરાવતાં ગીતકાર ભાગ્યે જ કોઈ હશે. હસરત જયપુરી અને શૈલેંદ્રે રાજ કપૂરની અનેક ફિલ્મોમાં અને શંકર-જયકિશન સાથે અનેક ફિલ્મોમાં સાથે ગીતો લખ્યાં એટલે એમનું પ્રદાન ઢંકાઈ ગયું અને સતત અન્યાય થયો. એ વખતના ઉર્દૂ સાહિત્યિક શાયરો એમને શાયર-કવિ માનવા તૈયાર નહોતા પણ હસરતે લખેલ 'બહારો ફૂલ બરસાઓ...' ગીત



બી.બી.સી.ના સર્વે મુજબ રેડિયો પર સૌથી લોકપ્રિય ટોપ ૧૦૦ ગીતોમાં નં.૧ પર આવે છે.

૧૯૪૯-૫૦માં રાજ કપૂરે હસરત પાસે 'બરસાત' માટે પહેલું ગીત લખાવ્યું- 'જીયા બેકરાર હૈ આયી બહાર હૈ' અને બીજું 'છોડ ગયે બાલમ'. 'બરસાત'ના ૧૦માંથી ૬ ગીતો હસરતે લખ્યાં ને બધાં સુપર-હિટ. જોગાનુજોગ સંગીતકાર શંકર-જયકિશનની પણ એ પહેલી ફિલ્મ હતી. 'બરસાત'ની સફળતા પછી હસરત ફુલટાઈમ બોલીવૂડના સૌથી બિઝી ગીતકાર બની ગયા. બાય ધ વે, ત્યાં સુધી હસરતજી મુંબઈની 'બેસ્ટ' બસોમાં કંડક્ટર હતા!

૧૯૨૨માં જયપુરમાં ઈકબાલ હુસૈન તરીકે જન્મેલ હસરતજીના પિતા નાઝિમ હુસેન ફૌજમાં હતા પણ એમના નાના ફિદા હુસેન ઉર્ફ 'ફિદા' એ જમાનાના પ્રખ્યાત શાયર હતા એટલે કવિતા વારસામાં મળેલી. હસરત, જેટલા મોટા ગીતકાર હતા એટલા જ મોટા આશિક. જયપુરમાં ઘરની સામે 'રાધા' નામની છોકરી સાથે એકતરફી પ્રેમ થઈ ગયેલો ને શાયરાના અંદાજમાં રાધાને પ્રેમપત્ર લખેલો: 'યે મેરા પ્રેમ પત્ર પઢકર તુમ નારાઝ ના હોના' પણ ત્યારે પ્રેમપત્ર આપવાની હિંમત ન ચાલી. વર્ષો પછી 'સંગમ' ફિલ્મમાં એ ગીત સુપર-હિટ થયું. એક વાર હસરતનાં પત્ની, નારાજ થઈને ઘર છોડીને જઇ રહ્યાં હતાં ત્યારે હસરતે કહ્યું: 'અજી, રૂઠ કર અબ કહાં જાઈએગા?' -પછીથી એ જ પંક્તિઓ 'આરઝૂ' ફિલ્મમાં ગીત બનીને આવી.

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ

હસરતજીના 'આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે'ના ગીત વિષે પણ એક મજેદાર કિસ્સો છે. આ ગીત શંકર-જયકિશને મૂળ રાજેન્દ્રકુમારની કોઈ ફિલ્મ માટે બનાવેલું પણ રાજેન્દ્રકુમારે ''સોરી, હું ડાન્સ નથી કરી શકતો'' કહીને ગીત માટે ના પાડી. (થેંક ગોડ!) પછી શમ્મી કપૂરની 'બ્રહ્મચારી' ફિલ્મમાં સુપર-હિટ થયું. એ જ ફિલ્મમાં 'દિલ કે ઝરોખે મેં તુઝ કો બિઠાકર, યાદોં કો તેરી મૈં દુલ્હન બનાકર, રખુંગા મૈં દિલ કે પાસ' જેવું લાંબા છંદવાળું નોનસ્ટોપ ગીત લખ્યું જેમાં એક શાયર તરીકે એમની હથોટી પરખાય છે. તૂટેલા આશિક દિલની વેદનાવાળું એ ગીત દાયકાઓ સુધી નિષ્ફળ પ્રેમીઓ માટે ટોનિક બની ગયેલું. વળી 'મેરા નામ જોકર'નું, 'જાને કહાં ગયે વો દિન' પણ ઉદાસી ને નોસ્ટાલજીયાનું મહાકાવ્ય છે.

૧૯૮૬ની આસપાસ કોઈએ મજાકમાં હસરતને કહ્યું, ''હવે તમે બુઢ્ઢા થઈ ગયા છો એટલે રોમેન્ટિક ગીત નહીં લખી શકો.'' હસરતે આ વાતને ચેલેન્જની જેમ લીધી. રાજ કપૂર ત્યારે 'રામ તેરી ગંગા મૈલી' ફિલ્મ બનાવી રહ્યા હતા જેમાં ગીત-સંગીત રવિન્દ્ર જૈન આપી રહ્યા હતા. પણ હસરતે રાજ કપૂરને વિનંતી કરી: ''બસ, મને એક રોમેન્ટિક ગીત લખવા આપો!'' ત્યારે રાજ કપૂરે જ હસરતજીને યાદ અપાવ્યું કે એક વાર રેકોર્ડિંગમાં કોઈ પ્રેમગીતની સરસ ધૂન નહોતી બની રહી ત્યારે હસરતજીએ રાજસાહેબને 'સુન સાયબા સુન પ્યાર કી ધૂન! કહીને મજાક કરેલી. બસ પછી હસરતજીએ ત્યારે ને ત્યારે સુપરડુપર હિટ રોમેન્ટિક ગીત લખ્યું- 'સુન સાહિબા સુન, પ્યાર કી ધૂન, મૈંને તુઝે ચુન લિયા, તુ ભી મુઝે ચુન' લખ્યું. એ ગીતમાં 'ડાલ દે નિગાહ કર દે પ્યાર કા શગુન', જેવી પહેલા પ્રેમની નજાકત અને 'પ્રીત કે યે ધાગે તુ ભી મેરે સંગ બુન' જેવા ધૂન શબ્દના અદભુત પ્રાસ લખેલા. વળી એ જ ગીતમાં 'તેરે હી હાથો લિખી શાયદ તબાહી મેરી..'જેવી ઉચ્ચ કક્ષાની કાવ્યાત્મક પંક્તિ લખી જે ફિલ્મની કથામાં આવનારા ડ્રામાને કેટલી બારીકાઈથી સૂચવે છે.

**ખરા અર્થમાં હસરત ચૌમુખ એટલે કે ઓલરા રાઉંડર જેવી પ્રતિભા ધરાવનારા ગીતકાર હતા. હસરત જયપુરીએ, ૬૩ જેટલા સંગીતકારો માટે ૩૦૦ ફિલ્મોમાં ૨૦૦૦ ગીતો લખ્યાં પણ એમને ફક્ત બે જ વાર ૧૯૭૨માં 'જિંદગી એક સફર હૈ સુહાના'(અંદાઝ) માટે અને ૧૯૬૭માં 'બહારોં ફૂલ બરસાઓ મેરા મેહબૂબ આય હૈ' માટે શ્રેષ્ઠ ગીતકારનો ફિલ્મફેર એવોર્ડ મળેલો**

રોમેન્ટિક ગીતોના સુલતાન એવા હસરતે, ઉર્દૂના અઘરા શબ્દો સામાન્ય લોકો સુધી પહોંચાડ્યા, જેમ કે- 'એ નરગિસ-એ-મસ્તાના', 'તેરી પ્યારી પ્યારી સૂરત કો..ચશ્મ-એ-બદ્દૂર', 'એ ગુલબદન', 'મેરે યાર શબ-બ-ખૈર' અને એટલું જ નહીં પણ 'મૈં કયા કરું રામ મુઝે બુઢ્ઢા મિલ ગયા', 'મેરી ભૈંસ કો ડંડા ક્યું મારા' જેવાં કોમેડી ગીતોમાં હસરત માહિર હતા. ખરા અર્થમાં હસરત ચૌમુખ એટલે કે ઓલરા રાઉંડર જેવી પ્રતિભા ધરાવનારા ગીતકાર હતા. હસરત જયપુરીએ, ૬૩ જેટલા સંગીતકારો માટે ૩૦૦ ફિલ્મોમાં ૨૦૦૦ ગીતો લખ્યાં પણ એમને ફક્ત બે જ વાર ૧૯૭૨માં 'જિંદગી એક સફર હૈ સુહાના'(અંદાઝ) માટે અને ૧૯૬૭માં 'બહારોં ફૂલ બરસાઓ મેરા મેહબૂબ આય હૈ' માટે શ્રેષ્ઠ ગીતકારનો ફિલ્મફેર એવોર્ડ મળેલો. 'બહારોં ફૂલ બરસાઓ મેરા મેહબૂબ આયા હૈ' ગીત તો આજે ૨૦૨૫માં પણ લગ્નમંડપમાં દુલ્હન પ્રવેશે છે ત્યારે વગાડાય છે! હસરતને રાજસ્થાન સરકાર તરફથી 'રાજસ્થાન શ્રી' અને 'રાજસ્થાન રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. જાણીતા સંગીતકાર અનુ મલિક હસરત જયપુરીના ભાણેજ છે, અનુના ભાઇ ડબ્બુ મલિકે, પરેશ રાવલ-સ્વ. મહેંદ્ર જોશી અને સ્વ. કવિ ચંદુ શાહના યાદગાર ગુજરાતી મ્યુઝિકલ નાટક 'ખેલૈયા'માં હીરો તરીકે કામ પણ કરેલું! તો આજના ગાયક-સંગીતકાર અરમાન મલિક પણ હસરતના ખાનદાનમાંથી જ આવે છે. ૧૭ સપ્ટેમ્બરે ૧૯૯૯ના રોજ હસરતજી ચાલ્યા ગયા પણ એમનાં ગીતો આપણે આજેય ગણગણીએ છીએ. આજે એમનો 104મો જન્મદિવસ છે, ત્યારે હસરતજીનું ગીત યાદ આવ્યું: 'તુમ મુઝે યૂં ભૂલા ના પાઓગે,'

(નોંધ: શીર્ષકમાં જાણી કરીને હસરત નામ નથી રાખ્યું)

# વૈશ્વિક અર્થતંત્રની જીવાદોરી હવે રાજકીય દબાણનું હથિયાર!

હોર્મુઝની સામુદ્રધુની અત્યારે વિશ્વની સૌથી ખતરનાક ફ્લેશપોઈન્ટ બની ગઈ છે, ઈસ્લામાબાદમાં ચાલી રહેલી વાટાઘાટો નિષ્ફળ ગઈ છે અને હોર્મુઝમાં તણાવ વધવાનો છે, વિશ્વ એક એવા સંકટમાં મુકાશે, જેની કલ્પના કરવી પણ હવે મુશ્કેલ છે, ભારત માટે આ માત્ર મુત્સદ્દીગીરીની કસોટી નથી, પણ આપણા આર્થિક અસ્તિત્વની લડાઈ છે.



પશ્ચિમ એશિયાના અશાંત વાતાવરણમાં 'હોર્મુઝની સામુદ્રધુની' અત્યારે માત્ર એક જળમાર્ગ નથી રહી, પરંતુ આંતરરાષ્ટ્રીય રાજનીતિ, કાયદો અને લશ્કરી તાકાતનું પ્રદર્શન કરવાનું મેદાન બની ગઈ છે. આ નાનકડો જળમાર્ગ અત્યારે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે સૌથી મોટું જોખમ અને ઈરાન માટે સૌથી મોટું હથિયાર બની ઉભરી રહ્યો છે. જ્યારે વિશ્વના શક્તિશાળી દેશો આંતરરાષ્ટ્રીય કાયદાની વાતો કરે છે, ત્યારે જમીની હકીકત એ છે કે અહીં 'જેની લાઠી તેની ભેંસ' જેવો ઘાટ સર્જાયો છે.

હોર્મુઝની સામુદ્રધુની દુનિયાના સૌથી મહત્વપૂર્ણ ઊર્જા માર્ગોમાંથી એક છે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ આ સાંકડા માર્ગે પસાર થાય છે. જો ઈરાન આ માર્ગને બ્લોક કરવાની ધમકી આપે છે, તો તેની સીધી અસર ન્યુયોર્કથી લઈને નવી દિલ્હી સુધીના પેટ્રોલ પંપો પર જોવા મળે છે. અત્યારે ચાલી રહેલી ઈરાન-યુએસ કટોકટીમાં આ જળમાર્ગ પરનો કબજો એક એવું 'લિવરેજ' (દબાણ લાવવાનું સાધન) બની ગયું છે જે આખા વિશ્વના શેરબજારોને હચમચાવી શકે છે.

આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાયદા મુજબ, જહાજોને 'ઈનોસન્ટ પેસેજ'નો અધિકાર છે, પરંતુ ઈરાન આ માર્ગ પર પોતાની સાર્વભૌમત્વનો દાવો કરીને વારંવાર વ્યાપારી જહાજોને નિશાન બનાવે છે. અહીં કાયદાકીય જોગવાઈઓ અને રાજકીય હિતો વચ્ચે સીધો ટકરાવ છે. ઈરાન એ બાબત સારી રીતે જાણે છે કે જ્યાં સુધી તેની પાસે હોર્મુઝનું નિયંત્રણ છે, ત્યાં સુધી અમેરિકા કે પશ્ચિમી દેશો તેના પર સંપૂર્ણ સૈન્ય હુમલો કરતા પહેલા સો વાર વિચાર કરશે. આ માર્ગ અત્યારે એક એવી રાજકીય ચેસબોર્ડ બની ગયો છે જ્યાં દરેક ચાલ બહુ વિચારીને લેવી પડે તેમ છે.

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

ભારત માટે આ સ્થિતિ અત્યંત સંવેદનશીલ છે. આપણી ઊર્જા જરૂરિયાતનો મોટો હિસ્સો આ જ માર્ગેથી આવે છે. જો હોર્મુઝમાં તણાવ વધે છે, તો ભારતમાં મોંઘવારી વધવી નિશ્ચિત છે. ભારત અત્યારે જે રીતે મુત્સદ્દીગીરી દ્વારા આ ક્ષેત્રમાં શાંતિ જાળવવાના પ્રયાસો કરી રહ્યું છે, તે દર્શાવે છે કે આપણા માટે આ જળમાર્ગની સુરક્ષા કેટલી અનિવાર્ય છે. એસ. જયશંકર અને હરદીપ સિંહ પુરીની સક્રિયતા આ વ્યૂહાત્મક જરૂરિયાતનો જ ભાગ છે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં અત્યારે જે રીતે લશ્કરી જહાજો અને તેલના ટેન્કરો વચ્ચે સંતાકૂકડી રમાઈ રહી છે, તે આધુનિક યુદ્ધની નવી પદ્ધતિ સૂચવે છે. ઈરાન જાણે છે કે તે અમેરિકા સામે સીધું પરંપરાગત યુદ્ધ જીતી શકે તેમ નથી, તેથી તે 'અસમપ્રમાણ યુદ્ધ'ના ભાગરૂપે આ સામુદ્રધુનીનો ઉપયોગ કરે છે. માત્ર ૩૯ કિલોમીટર પહોળો આ માર્ગ ઈરાન માટે એક એવો 'ગળું દબાવવાનો પોઈન્ટ' છે, જ્યાંથી તે આખી દુનિયાની ઊર્જા સપ્લાય ચેઈનને લકવાગ્રસ્ત કરી શકે છે. આંતરરાષ્ટ્રીય કાયદો અહીં માત્ર કાગળ પર રહી જાય છે જ્યારે સમુદ્રમાં મિસાઈલો અને ડ્રોન તૈનાત હોય છે.

હોર્મુઝમાં એક પણ ગોળી છૂટે છે, ત્યારે તેની અસર લંડન, ન્યુયોર્ક કે મુંબઈના સામાન્ય માણસના ખિસ્સા પર પડે છે. વિશ્વના ૨૦% ક્રૂડ ઓઈલની અવરજવર આ માર્ગે થતી હોવાથી અહીંનો સહેજ પણ તણાવ બેરલ દીઠ તેલના ભાવમાં ૧૦ થી ૨૦ ડોલરનો ઉછાળો લાવી શકે છે. ભારત જેવા દેશો માટે જે પોતાની તેલની જરૂરિયાતનો ૮૦% થી વધુ હિસ્સો આયાત કરે છે, હોર્મુઝની સુરક્ષા એ રાષ્ટ્રીય સુરક્ષા સમાન છે. જો આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહે અથવા અસુરક્ષિત બને, તો ખાદ્ય પદાર્થોથી લઈને પરિવહન સુધીની દરેક વસ્તુ મોંઘી થઈ જશે, જે વૈશ્વિક સ્તરે આર્થિક મંદી નોતરી શકે છે.

આંતરરાષ્ટ્રીય કાયદો જહાજોને 'ટ્રાન્ઝિટ પેસેજ'ની છૂટ આપે છે, પરંતુ ઈરાન દલીલ કરે છે કે આ માર્ગ તેના પ્રાદેશિક જળક્ષેત્રમાંથી પસાર થાય છે, તેથી તેને કોઈપણ જહાજને

**હોર્મુઝમાં એક પણ ગોળી છૂટે, ત્યારે તેની અસર લંડન, ન્યૂયોર્ક કે મુંબઈના સામાન્ય માણસના ખિસ્સા પર પડે!**

રોકવાનો કે તેની તપાસ કરવાનો અધિકાર છે. અમેરિકા અને તેના સાથી દેશો આને 'નેવિગેશનની સ્વતંત્રતા' પરનો હુમલો ગણાવે છે. આ કાયદાકીય ખેંચતાણમાં વ્યાપારી જહાજો અને તેના નાવિકો બાનમાં મુકાય છે.

તાજેતરમાં જે રીતે તેલ ટેન્કરોને જપ્ત કરવાની ઘટનાઓ બની છે, તેણે વીમા કંપનીઓના પ્રીમિયમ વધારી દીધા છે અને દરિયાઈ વ્યાપારને વધુ ખર્ચાળ બનાવ્યો છે.

સમગ્ર ચિત્રનો સાર એ છે કે હોર્મુઝની સામુદ્રધુની અત્યારે વિશ્વની સૌથી ખતરનાક ફ્લેશપોઈન્ટ બની ગઈ છે. ઈસ્લામાબાદમાં વાટાઘાટો નિષ્ફળ ગઈ છે અને હોર્મુઝમાં તણાવ વધશે એ નક્કી છે. વિશ્વ એક એવા સંકટમાં મુકાશે, જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ભારત માટે આ માત્ર મુત્સદ્દીગીરીની કસોટી નથી, પણ આપણા આર્થિક અસ્તિત્વની લડાઈ છે.

અંતે, હોર્મુઝ એ સાબિત કરે છે કે ભૂગોળ હંમેશા રાજનીતિ પર હાવી રહે છે. વિશ્વ ગમે તેટલું ડિજિટલ કે આધુનિક થઈ જાય, પણ તેલના થોડા ટીપાં અને સમુદ્રનો એક સાંકડો માર્ગ હજુ પણ મહાસત્તાઓને ઘૂંટણિયે લાવી શકે છે. હવે સમય આવી ગયો છે કે વિશ્વના તમામ દેશો પક્ષપાત છોડીને આ જીવાદોરી સમાન જળમાર્ગને યુદ્ધમુક્ત રાખવા માટે એકસૂત્રે બંધાય, અન્યથા હોર્મુઝમાં લાગેલી આગ આખા વિશ્વને દઝાડી શકે છે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં અત્યારે જે 'હાઈ સ્ટેક્સ' (મોટું જોખમ) રમાઈ રહ્યું છે, તે માત્ર બે દેશો વચ્ચેનો સંઘર્ષ નથી, પણ વૈશ્વિક અર્થતંત્રના ભવિષ્યનો સવાલ છે. જો આંતરરાષ્ટ્રીય સમુદાય આ જળમાર્ગને વિવાદોથી મુક્ત રાખવામાં નિષ્ફળ જશે, તો તેની કિંમત સમગ્ર વિશ્વએ ઊર્જા કટોકટી અને આર્થિક મંદી સ્વરૂપે ચૂકવવી પડશે. શાંતિ માત્ર વાટાઘાટોથી જ નહીં, પણ સમુદ્રી કાયદાઓના આદર અને પરસ્પર વિશ્વાસથી જ આવી શકશે. સમય આવી ગયો છે કે હોર્મુઝને યુદ્ધનું મેદાન બનતા રોકીને તેને ફરીથી મુક્ત વ્યાપારનો માર્ગ બનાવવામાં આવે, અન્યથા અહીં સળગેલી એક ચિંગારી આખા વિશ્વના અર્થતંત્રને દઝાડી શકે છે.

# "અસંતુષ્ટ રહો"

આ પ્રકારનાં આશીર્વાદ પણ આપી શકાય. દર વખતે શુભ આશીર્વાદ જરૂરી નથી હોતી, ક્યારેક પડકારજનક આશીર્વાદ પણ આપી શકાય. પ્રશંસા જરૂરી છે પણ ક્યારેક ટીકા પણ કરી શકાય. પ્રશંસા પ્રોત્સાહન આપે તો ટીકા પડકાર ઊભો કરે. પ્રશંસા કે સંતુષ્ટી પ્રગતિને અટકાવી શકે જ્યારે નકારાત્મક વચન પ્રોત્સાહિત પણ કરી શકે. ''અસંતુષ્ટ રહો'', એ પ્રકારના આશીર્વાદ જ્યારે આપવામાં આવે ત્યારે તેનાથી વ્યક્તિ માટે નવી જ ક્ષિતિજો વિકસવાની સંભાવના વધી જાય. જોકે આમ કરતાં પહેલાં વ્યક્તિની ક્ષમતા અને માનસિકતા સમજી લેવી પડે, નહીંતર 'માંદા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય' જેવી પરિસ્થિતિ ઊભી થાય.



**"અસંતુષ્ટ રહો", એ પ્રકારના આશીર્વાદ જ્યારે આપવામાં આવે ત્યારે તેનાથી વ્યક્તિ માટે નવી જ ક્ષિતિજો વિકસવાની સંભાવના વધી જાય. જોકે આમ કરતાં પહેલાં વ્યક્તિની ક્ષમતા અને માનસિકતા સમજી લેવી પડે, નહીંતર 'માંદા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય' જેવી પરિસ્થિતિ ઊભી થાય**

અસંતુષ્ટ એટલે એવી વ્યક્તિ કે જેને સંતોષ નથી. જે વ્યક્તિને પ્રવર્તમાન પરિસ્થિતિ, જે તે ઉપલબ્ધિ, જે તે પ્રાપ્તિ, જે તે સમીકરણ તથા જે તે સંબંધથી અસંતોષ હોય તે અસંતુષ્ટ - અસંતોષી રહે. અસંતુષ્ટ વ્યક્તિને પરિસ્થિતિમાં પોતાની કામના મુજબ બદલાવની આશા હોય, ઉપલબ્ધિથી વધુ પોતાનું સામર્થ્ય છે તેમ માની વધુ સન્માન મેળવવાની અપેક્ષા હોય, પ્રાપ્તિથી વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય, સ્થાપિત સમીકરણમાં હજુ વધુ ઊંડાણ જોઈતું હોય કે સંબંધને હજુ દ્રઢ કરવાની તેની ગણતરી હોય. આમ અસંતુષ્ટને જે છે તેમાં તેને ખુશી ન મળતી હોય અને તેથી તે માનસિક ઉદ્વેગ અનુભવે. પોતાની ક્ષમતા તેમજ વર્તમાન પરિસ્થિતિને અવગણના કરી, અતિશય કામના કે અપેક્ષાવાળી વ્યક્તિ અસંતુષ્ટ રહે. પોતાની પરિસ્થિતિને વધુ ઉચ્ચકક્ષાની પરિસ્થિતિ સાથે તુલના કરનાર વ્યક્તિ પણ અસંતૃષ્ટિ અનુભવે. જે વ્યક્તિ પોતાની જાતને વધુ સક્ષમ માનતી હોય, પોતાની સફળતાને સીમિત સમજતી હોય અને આ માટે સમાજને ગુનેગાર માનતી હોય તે વ્યક્તિ અસંતુષ્ટ હોય. અમુક સંજોગોમાં કૃતજ્ઞતા વિનાની વ્યક્તિ પણ અસંતૃષ્ઠ રહે.

અસંતુષ્ટ રહેવાના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ. અસંતુષ્ટીને જો યોગ્ય દિશા મળે તો તે પ્રગતિનું કારણ બની શકે. અસંતુષ્ટી સકારાત્મક પ્રેરણા આપી શકે, ક્ષિતિજોના વિસ્તારનું કારણ બની શકે, નવીન બાબતો પ્રત્યે ધ્યાન દોરી શકે, નવા સંશોધનો વિકસાવવા માટે વિશ્વાસ અપાવી શકે અને પ્રાપ્ત સંસાધનોના મહત્તમ ઉપયોગ માટે સૂચન કરી શકે, ક્ષમતામાં વિકાસ માટે પ્રોત્સાહિત કરી શકે અને આ બધાં સાથે આગળ જતાં એક પ્રકારનાં આત્મવિશ્વાસ માટેનું કારણ બની શકે. તેની સામે જો અસંતુષ્ટિ વધી જાય તો મન અશાંત રહે, ક્યારેક ઈર્ષાનો ભાવ જાગે તો ક્યારેક નિરાશા વ્યાપી જાય, સામાજિક સમીકરણોમાં તણાવ ઊભો થઈ શકે અને અંતે શારીરિક તેમજ માનસિક થાક અને અસ્વસ્થતા અનુભવાય. આને કારણે ક્યારેક સંભવિત પ્રગતિ પણ અટકી જાય. અસંતુષ્ટિ કેવું પરિણામ આપે છે તે વ્યક્તિ પર આધાર રાખે, અસંતુષ્ટિના પ્રકાર તથા માત્રા પર નહીં.

સંતુષ્ટિના પણ ફાયદા તથા ગેરફાયદા છે. વ્યવહારમાં સંતુષ્ટી તથા અસંતુષ્ટિ એ બંનેના ફાયદા લેવાં જોઈએ અને ગેરફાયદાથી દૂર રહેવું જોઈએ. આમ પણ જીવનમાં સંતુલનનું મહત્વ સૌથી વધુ ગણાય છે. અહીંનાં પરિપ્રેક્ષ્યમાં સંતુલન એટલે હૃદયમાં શાંતિ રાખવી અને બુદ્ધિથી પ્રગતિ કરવી. હૃદયનો ભાવ પણ જરૂરી છે અને બુદ્ધિની વિચારશીલતા પણ. જેટલું છે તેનો આભાર માનવો અને જે નથી તે માટે પુરુષાર્થ કરવો, એટલે સંતુલન. ગીતા પણ 'સમત્વ'ને યોગ કહે છે. બે વિપરીત ધ્રુવ છે અને ખેંચાણ બંને તરફનું રહે. સંતુષ્ટી શાંતિ આપે તો અસંતુષ્ટિ પ્રગતિ માટે પ્રેરણા પૂરી પાડે. જેટલી શાંતિ જરૂરી છે તેટલી જ પ્રેરણા આવશ્યક છે.

**આંખની અટારી**

★ હેમુ ભીખુ

જ્યારે અસંતુષ્ટિનો આશીર્વાદ આપવામાં આવે ત્યારે તેની પાછળનો ભાવ માત્ર સકારાત્મક હોય. પરંતુ આ પ્રકારનાં આશીર્વાદ આપતા પહેલાં આશીર્વાદ આપનાર વ્યક્તિએ સામેની વ્યક્તિની ક્ષમતા, તેની માનસિક તેમજ ભાવનાત્મક સ્થિતિ, તેની સામાજિક પરિસ્થિતિ, તેની પાસે રહેલી વિવિધ સંભાવના તથા જે તે સમયે તેના જીવનની પ્રાધાન્યતાની જાણકારી હોવી જોઈએ. માંદા માણસને સ્વાસ્થ્યમાં જે કંઈ સુધારો થાય તેની સંતુષ્ટી હોવી જોઈએ, અહીં અસંતૃષ્ટિના આશીર્વાદ સર્વથા અયોગ્ય ગણાય. તેની સામે કોઈ વિદ્યાર્થીને કસોટીમાં ૯૦/૧૦૦ ગુણાંક આવે તો તેને એકવાર અસંતૃષ્ટિનાં આશીર્વાદ આપી પણ શકાય. દુનિયાનો એક પણ વ્યવહાર એવો નથી કે જે દરેક પરિસ્થિતિમાં સકારાત્મક પરિણામ આપે. પરિસ્થિતિના મૂલ્યાંકનને આધારે જ આશીર્વાદ આપવા પડે.

આશીર્વાદ એ એવી ઘટના છે કે જેમાં હંમેશા સકારાત્મક ભાવ છુપાયેલો હોય. આશિષ્+વદ અર્થાત આશિષ એટલે કે શુભકામના વ્યક્ત કરવા ઉપયોગમાં લેવાયેલ શબ્દો, સંકલ્પ કે અન્ય પ્રકારની રજૂઆત. અન્યના હિત, કલ્યાણ, શુભ, સફળતા માટે ભાવના વ્યક્ત કરવી એટલે આશીર્વાદ કે આશીર્વચન. આશીર્વાદ એટલે માતા-પિતા, સદગુરુ, વડીલ, જ્ઞાની કે અન્ય કોઈ સમર્થ વ્યક્તિ દ્વારા વ્યક્ત કરાયેલ ઊર્જાસભર, કરુણામય, સદભાવના યુક્ત શુભકામનાની અભિવ્યક્તિ. અહીં નિસ્વાર્થ ભાવ હોય, કોઈપણ પ્રકારની અપેક્ષા કે સ્વાર્થ ન હોય, અન્યનાં દરેક પ્રકારનાં હિત માટેની અનન્ય પ્રાર્થના હોય, પ્રેમનું વર્ચસ્વ હોય, વિશ્વાસ તેમજ શ્રદ્ધાનો આધાર હોય, સમગ્રતામાં એક પ્રકારની શુદ્ધિ તથા પવિત્રતા હોય, સાત્વિકતા અને સત્યનિષ્ઠ ભાવ હોય, અને તે બધાં સાથે સૂક્ષ્મ દૈવી શક્તિ વણાયેલી હોય. એક અર્થમાં આશીર્વાદ એ ઈશ્વર આગળ કરાયેલી કોઈ વ્યક્તિ માટેની પ્રાર્થના છે, જેની સાથે હૃદયનો શુદ્ધ ભાવ વણાયેલો હોય. આશીર્વાદ એ દિવ્ય ભાવથી બોલાયેલો અન્ય માટેનો શુભ સંકલ્પ છે. આ આશીર્વાદ જ્યારે ''અસંતુષ્ટ રહો'નાં હોય ત્યારે પણ તેની પાછળ આ જ ભાવ હોય. સમજવાની વાત એ છે કે આશીર્વાદનું પરિણામ આશીર્વાદ આપનારની શક્તિ અને આશીર્વાદ લેનારની શ્રદ્ધા પર અવલંબે - બંને પક્ષે શુદ્ધતા આવશ્યક છે.